# ૧૫ સપ્ટેમ્બર –૨૦૧૬ (ગુરૂવાર)

**(૧) રાષ્ટ્રીય એન્જિનિયર દિવસ :**

– ભારતના મહાન એન્જીનીયર એમ. વિશ્વેશ્વરૈયાની યાદમાં આ દિવસ મનાવાય છે.

– મૂળ કર્ણાટકના વતની સર એમ. વિશ્વશ્વરૈયાને ભારત સરકારે વર્ષ ૧૯૫૫ માં 'ભારત રત્ન' એવોર્ડથી સન્માનીત કર્યા હતા.

**(૨) દેવેન્દ્ર ઝાઝરિયા – પેરા એથ્લિટ :**

– બ્રાઝિલના રિયો ખાતે આયોજીત પેરાલિમ્પિક્સમાં ભારતના પેરા એથ્લિટ દેવેન્દ્ર ઝાઝરિયાએ જેવેલિન થરો (ભાલા ફેંક) માં ગોલ્ડ મેડલ જીત્યો.

– દેવેન્દ્ર ઝાઝરિયાએ અગાઉ ૨૦૦૪માં એથેન્સ પેરાલિમ્પિક્સમાં પણ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

– આમ તે બે ગોલ્ડમેડલ મેળવનાર પ્રથમ ભારતીય બની ગયો છે.

– ગોલ્ડમેડલની સાથે તેણે ૨૦૦૪ એથેન્સ પેરાલિમ્પિક્સનો પોતાનો જ વર્લ્ડ રેકોર્ડ તોડ્યો હતો.

– એથેન્સ પેરાલિમ્પિકમા તેણે ૬૨.૧૫ મીટરનો થ્રો કર્યો હતો અનજે ૨૦૧૬ રિયો પેરાલિમ્પિક્સમાં ૬૩.૯૭નો વિક્રમી થ્રો કરી વર્લ્ડ રેકોર્ડ પણ બનાવ્યો હતો.

– રાજસ્થાનના વતની દેવેન્દ્રને ૨૦૦૪માં ભારત સરકારે અર્જુન એવોર્ડથી નવાજ્યા હતા.

– માર્ચ ૨૦૧૨માં ભારત સરકારે તેમને પદ્મશ્રી એવોર્ડથી સન્માનીત કર્યા હતા, આ સન્માન મેળવનાર તે પ્રથમ પેરાલિમ્પિયન છે.

**(૩) દુલીપ ટ્રોફી : ક્રિકેટ :**

– વિજેતા ટીમ : ઇન્ડિયા બ્લૂ (કેપ્ટન : ગૌતમ ગંભીર)

– રનર અપ : ઇન્ડયા રેડ (કેપ્ટન – પૃવરાજ સિંહ)

– ત્રણ ટીમ વચ્ચે રમાતી દુલીપ ટ્રોફીની આ ૫૫ મી સીઝન હતી.

– પ્રથમવાર ટૂર્નામેન્ટમાં પીન્ક બોલનો ઉપયોગ કર્યો હતો.

– સિરિઝમાં કુલ ચાર ટેસ્ટમેચ રમાયા હતા.

– ગ્રેટર નોઇડા ખાતે યોજાયેલ ફાઇનલ મેચમાં ચેતેશ્વર પુજારાએ બેવડી સદી ફટકારતા મેન ઓફ ધ મેચ બન્યો હતો.

**(૪) મેરાન્તી – ચક્વાત :**

– તાઇવાનના વિસ્તાર પર ભયંકર મેરાન્તી ચક્વાત ત્રાટક્યું

– ૨૩૪ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. તેમજ દરિયામાં ૧૨ મીટર ઉંચા મોજા ઉછળ્યા હતા.

**(૫) અશરફ ઘની– અફઘાનિસ્તાનના પ્રમુખ :**

– અફઘાનિસ્તાનના પ્રમુખ અશરફ ઘની હાલમાં ભારતના પ્રવાસે

– વડાપ્રધાન મોદીએ અફઘાનિસ્તાનમાં શિક્ષણ સ્વાસ્થય, કૃષિ, કૌશલ વિકાસ તેમજ મહિલા સશક્તિકરણ માટે ૧ બિલિયન ડોલર (આશરે ૬૭૦૦ કરોડ રૂા.) ની સહાય આપવાની જાહેરાત કરી

– આ ઉપરાંત અફઘાનિસ્તાને ભારત પાસેથી પોતાની સૈન્ય તાકાત વધારવા માટે પણ મદદ માગી હતી.

પ્રશ્નો :

(૧) એન્જીનીયર દિન ક્યારે મનાવાય છે ?

– ૧૫ સપ્ટેમ્બર

(૨) કયાં મહાન ભારતીય એન્જીનીયરના માનમાં એન્જીનીયર દિવસ ઉજવાય છે ?

– સર.એમ. વિશ્વેશ્વરૈયા

(૩) ભારત સરકારે એમ. વિશ્વેરૈયાને કયાં વર્ષમાં ભારતરત્ન થી નવાજવામાં આવ્યા હતા ?

– ૧૯૫૫

(૪) રિયો પેરાલિમ્પિક્સમાં જેવલિન થ્રો માં ગોલ્ડ મેડલ મેળવનાર ભારતીય ?

– દેવેન્દ્ર ઝાઝરીયા

(૫) દેવેન્દ્ર ઝાઝરીયાએ અગાઉ ક્યાં પેરાલિમ્પિકમાં ગોલ્ડમેડલ મેળવ્યો હતો

– ૨૦૦૪ – એથેન્સ

(૬) દેવેન્દ્ર ઝાઝરીયાએ અગાઉ કયાં પેરાલિમ્પિકમાં ગોલ્ડમેડલ મેળવ્યો હતો ?

– ૨૦૦૪ – એથેન્સ

(૭) રિયો પેરાલિમ્પિકમાં કેટલા મીટર થ્રો કરીને જેવલિન થ્રોમ દેવેન્દ્રએ વર્લ્ડ રેકોર્ડ કર્યો ?

– ૬૩.૯૭

(૮) માર્ચ–૨૦૧૨માં ભારત સરકારે દેવેન્દ્ર ઝાઝરીયાને કયાં એવોર્ડથી સન્માનીત કર્યા હતા ?

– પદ્મશ્રી

(૯) તાઇવાનમાં આવેલ ભયાનક ચક્વાત ?

– મેરાન્તી

(૧૦) સપ્ટેમ્બર, ૨૦૧૬માં કયાં દેશના પ્રમુખ ભારત પ્રવાસે આવ્યા ?

– અફઘાનિસ્તાન

(૧૧) અફઘાનિસ્તાનના પ્રમુખનું નામ જણાવો.

– અશરફ ઘની

(૧૨) ભારતે અફઘાનિસ્તાનને કેટલી સહાય આપવાની જાહેરાત કરી ?

– એક બિલિયન ડોલર (૬૭૦૦ કરોડ રૂા.)

(૧૩) દુલીપ ટ્રોફી કઇ રમત સાથે સંકળાયેલ છે ?

– ક્રિકેટ

(૧૪) દુલીપ ટ્રોફી ૨૦૧૬–૧૭ વિજેતા ટીમ ?

– ઇન્ડિયા બ્લૂ

(૧૫) દુલીપ ટ્રોફી ૨૦૧૬–૧૭ રનર અપ ટીમ ?

– ઇન્ડિયા રેડ

(૧૬) દુલીપ ટ્રોફી ટૂર્નામેન્ટ ક્રિકેટના કયા ફોર્મેટમાં રમાય છે ?

– ટેસ્ટ મેચ

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧